## 1. સામાજિક વર્ગની સવિસ્તર સમજૂતી આપો.

- સામાજિક વર્ગ અને ક કારણોથી નક્કી થાય છે. સામાન્ય છાપ એવી છે કે માત્ર આર્થિક સ્થિતિના આધારે જ વર્ગ નક્કી થાય છે. કાર્લ માર્કસના મતે, સર્વ સમાજોમાં પ્રાચીન સમયથી સામાજિક વર્ગાં અસ્તિત્વ ધરાવે છે. માત્ર, સમય જતાં અને સમાજનો વિકાસ થતાં એનું સ્વરૂપ પરિવર્તન પામે છે.
- મેક્સવેબરના મત અનુસાર, પ્રત્યેક આર્થિક વર્ગ એક દરજ્જા સમૂહ છે એટલે કે સમાન દરજ્જાઓ ધરાવતી વ્યક્તિઓ ભેગા મળીને એક 'વર્ગ' બનાવે છે. સામાજિક વર્ગ દરજ્જા સાથે સંબંધ ધરાવે છે. કારણ કે, સમાજના લોકો ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓ કરતા હોય છે અને તેથી ભિન્ન ભિન્ન દરજ્જાઓ રચાય છે. સામાજિક વર્ગમાં ભિન્નતાપણું હોવાથી દરજ્જાઓ ચડતા કે ઊતરતા ક્રમમાં જોવા મળે છે.
- ખુબ પ્રચલિત વર્ગીકરણ અનુસાર સામાજિક વર્ગો ત્રણ છે : (1) શ્રીમંત વર્ગ, (2) મધ્યમ વર્ગ અને (3) ગરીબ વર્ગ દા.ત., સરકારી કર્મચારી, શિક્ષક, અધ્યાપક, બૅંક કર્મચારી અને નાનો વ્યવસાય કરનારી વ્યક્તિઓ 'મધ્યમ વર્ગ'નો સમાન આર્થિક દરજ્જો ધરાવે છે. આ વર્ગના સભ્યોની જીવનશૈલી મહદ્અંશે સમાન હોય છે.
- કાર્લ માર્કસ સમાજના બે જ વર્ગો દર્શાવે છે : (1) ઉત્પાદનનાં સાધનોની માલિકી ધરાવતો વર્ગ. દા. ત., જમીનની માલિકી ધરાવતા જમીનદારો, કારખાનાંના માલિકો વગેરે (2) પોતાનો શ્રમ વેચીને અથવા શ્રમ ભાડે આપીને મજૂરી કરતા શ્રમજીવીઓ. દા. ત., જમીન વગરના ખેતમજૂરો, કારખાનામાં કામ કરતાં મજૂરો વગેરે.

## 2. સમુદાયના ખ્યાલને સમજાવો.

- માનવીએ જ્યારથી ભટકતા જીવનના સ્થાને કોઈ એક ચોક્કસ ભૌગોલિક સ્થળ પસંદ કરીને સ્થાયી નિવાસવાળું જીવન જીવવા માંડ્યું ત્યારથી રચાતો સમૂહ તેમાં રહેતા લોકોના સમાજજીવનને સંગઠિત કરતા સમુદાય તરીકે જોવા મળે છે. આદિવાસી સમૂહ, ગામડું, નગર, શહેર, રાજ્ય વગેરે પ્રાદેશિક જૂથો 'સમુદાય'નાં ઉદાહરણો છે.
- સમુદાયનો અર્થ : 'સમુદાય' એટલે કોઈ નિશ્ચિત ભૌગોલિક વિસ્તારમાં રહેતા લોકોનો વિશાળ સમૂહ. આ સમૂહના સભ્યો એકબીજા પરના અવલંબનને કારણે એક સમુદાયના હોવાની સભાનતાનો અનુભવ કરે છે. તેઓ સમુદાયની સામાજિક તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને પોતાના કાબૂમાં રાખવા માટે પૂરતા શક્તિમાન હોય છે. મકાઈવર અને પેજના મતે, "નાના કે મોટા સમૂહના સભ્યો જ્યારે એક જ સ્થળે રહેતા હોય અને જીવનના મોટા ભાગનાં હિતો સંતોષવાનો પ્રયત્ન કરે ત્યારે તેવા સ્થાનિક સમૂહને 'સમુદાય' કહે છે."
- સમુદાયનાં લક્ષણો : સમુદાયના ખ્યાલને સ્પષ્ટ કરવા તેનાં લક્ષણો આ પ્રમાણે છે : (1) વસ્તી, (2) ભૌગોલિક પ્રદેશ, (3) સમુદાયના સભ્યો વચ્ચે પરસ્પરાવલંબન, (4) સામૂહિક જીવનમાં વિકસેલાં સમાન મૂલ્યો, ધોરણો અને માન્યતાઓ દ્વારા સંચાલિત પ્રવૃત્તિઓ તથા (5) સામૂહિક ભાવના.
- આધુનિક સમયમાં સ્થાનિક સમુદાયનું ઘટતું જતું મહત્ત્વ : આધુનિક સમયના સમાજજીવનનું અવલોકન દર્શાવે છે કે ભૌગોલિક ગતિશીલતામાં, વાહનવ્યવહારનાં, સંદેશાવ્યવહારનાં અને સમૂહસંપર્કનાં સાધનોમાં થયેલા વધારાને લીધે લોકોની જીવનપ્રવૃત્તિઓ માત્ર પોતાના સ્થાનિક સમુદાય પૂરતી મર્યાદિત રહી નથી.
- વેપારવાણિજ્ય અને નોકરી માટે સમુદાયની વ્યક્તિઓનું સમુદાય બહારના સમૂહો પર અવલંબન વધતું જાય છે. હવે વ્યક્તિ માત્ર પોતાના જ સમુદાય પર આધાર રાખીને જીવી શકે તેમ નથી. પોતાની અનેકવિધ જરૂરિયાતો સંતોષવા માટે તેને પોતાના સમુદાયની બહાર વ્યક્તિઓ, સમૂહો કે સંસ્થાઓ પર આધાર રાખવો પડે છે. આથી આર્થિક, ભાષાકીય, જ્ઞાતિઆધારિત, સંપ્રદાય કે ધર્મ આધારિત સમુદાયો અસ્તિત્વમાં આવ્યા છે.

➢ સમુદાયના માપદંડ : કિંગ્સલે ડેવિસ સમુદાયના બે માપદંડ દર્શાવે છે : (1) પ્રાદેશિક નિકટતા : એકબીજાની નજીક રહેવાને કારણે વ્યક્તિમાં પ્રાદેશિક નિકટતા જોવા મળે છે અને (2) સામાજિક સંપૂર્ણતા : વ્યક્તિનું મોટા ભાગનું જીવન સમુદાયની મર્યાદામાં પસાર થાય છે.

### 3. સામાજિક નિયંત્રણની વ્યાખ્યા અને લક્ષણો સમજાવો.

➢ માનવસમાજમાં સ્વીકાર્ય અને અસ્વીકાર્ય વર્તન વચ્ચેનો ભેદ પાડતાં સામાજિક ધોરણો છે. સમાજમાં વ્યક્તિ યોગ્ય વર્તન દાખવે તે માટે તેને સામાજિક ધોરણોને અનુરૂપ ઘડવામાં આવે છે. આમ છતાં, વ્યક્તિ અમુક સંજોગોમાં અયોગ્ય વર્તન દાખવે તો તે માટે સજા કરવામાં આવે છે. માનવસમાજ ગતિશીલ અને પરિવર્તનશીલ છે. સમાજનાં વિભિન્ન અંગોમાં પરિવર્તન આવવા છતાં સમાજનું મૂળ સ્વરૂપ લાંબા સમય સુધી જળવાઈ રહે છે. સમાજના સભ્યો સમાજનાં ધોરણો મુજબ વર્તનવ્યવહાર કરે, તો જ સમાજજીવનની જરૂરિયાતો અને સામાજિક સંબંધોની વ્યવસ્થા ટકેલી રહે. આ માટે સમાજમાં સામાજિક નિયંત્રણની પદ્ધતિઓ હોય છે.

➢ સામાજિક નિયંત્રણની વ્યાખ્યા : સમાજમાં સામાજિક ધોરણ અનુસારના વર્તનને શક્ય બનાવતી અને તેના વિરુદ્ધના વર્તનને અટકાવતી બધી રીતો અને સાધનો સમાજના સભ્યોના વર્તનનું નિયમન કરી સમાજવ્યવસ્થાને ટકાવી રાખે છે. સમાજવ્યવસ્થાને ટકાવી રાખતી આ રીતોને 'સામાજિક નિયંત્રણ' કહે છે, મકાઇવર અને પેજના મત મુજબ, "સમગ્ર સમાજવ્યવસ્થાને સંગઠિત રાખતી અને ટકાવી રાખતી રીત એટલે સામાજિક નિયંત્રણ." ઓબર્ન અને નિકોફના જણાવ્યા અનુસાર, "સામાજિક નિયંત્રણ એવી પ્રક્રિયાઓ અને સાધનો છે, જેના દ્વારા સામાજિક ધોરણોનો ભંગને મર્યાદિત બનાવવામાં આવે છે." સમાજમાં ધોરણોથી વિરુદ્ધ વર્તન કરનારની ટીકા થાય છે અથવા કેટલીક વાર બહિષ્કાર થાય છે. એ જ રીતે રાજયના કાયદાનો ભંગ કરનારને આર્થિક દંડ, જેલની સજા કે દેહાંતદંડની સજા કરવામાં આવે છે. આ બધાનો સમાવેશ સામાજિક નિયંત્રણમાં થાય છે.

➢ સામાજિક નિયંત્રણનાં લક્ષણો : સામાજિક નિયંત્રણનાં લક્ષણો નીચે પ્રમાણે છે :

1. સાર્વત્રિકતા : માનવસમાજમાં સામાજિક નિયંત્રણ સાર્વત્રિક રીતે જોવા મળે છે. માનવસમાજને માનવેતર સમાજથી જુદું પાડતું મહત્ત્વનું તત્ત્વ સામાજિક નિયંત્રણ છે. પ્રત્યેક માનવસમાજમાં સામાજિક ધોરણો અસ્તિત્વ ધરાવે છે અને સામાજિક ધોરણોથી વિરુદ્ધનું વર્તન અટકાવતી પદ્ધતિઓ પણ જોવા મળે છે. સામાજિક નિયંત્રણનાં સાધનો અને પદ્ધતિના સ્વરૂપમાં સમાજસમાજે અને સમયેસમયે ભિન્નતા હોઈ શકે છે. સામાજિક નિયંત્રણ વગરના સમાજની કલ્પના થઈ શકે નહિ. આમ, સામાજિક નિયંત્રણ સાર્વત્રિક છે.

2. સામાજિક નિયંત્રણ એક પ્રક્રિયા તરીકે સામાજિક નિયંત્રણ એ સામાજિક ધોરણો અનુસાર વ્યક્તિના વર્તનને ઘડતી પ્રક્રિયા છે. સમાજિ કીકરણની પ્રક્રિયા દરમિયાન વ્યક્તિમાં સામાજિક ધોરણોનું સિંચન કરવામાં આવે છે, જેને આંતરી કરણ કહે છે. આમ, સામાજિક નિયંત્રણ સામાજિક આંતરક્રિયાનું પરિણામ

3. વિવિધતા : પ્રત્યેક સમાજમાં સામાજિક નિયંત્રણની અલગ અલગ પદ્ધતિઓ હોય છે. લોકશાહી અને આપખુદશાહી સમાજમાં પણ નિયંત્રણની પદ્ધતિઓ જુદી જુદી હોય છે. શાળા, કૉલેજ, કાર્યાલય, વ્યાવસાયિક જૂથો, ક્લબ, રાજ્ય વગેરે જેવા વિશાળ સમુદાયમાં આયોજન સ્વરૂપે સામાજિક ધોરણો ઘડવામાં આવે છે, તેમજ તેના ભંગ બદલ નિશ્ચિત સ્વરૂપની શિક્ષાપદ્ધતિ હોય છે. આ સ્વરૂપના સામાજિક નિયંત્રણને ઔપચારિક નિયંત્રણ કહે છે. કુટુંબ, જ્ઞાતિ, રમતજૂથ વગેરે જેવા નાના સમુદાયમાં રિવાજ , રૂઢિ, પરંપરા, લોકનીતિ, ફેશન વગેરે જેવાં સામુદાયિક ધોરણો હોય છે. આ ધોરણોના ભંગ માટે કોઈ નિશ્ચિત સ્વરૂપની શિક્ષાપદ્ધતિ હોતી નથી, પરંતુ

ધોરણોના ભંગ માટે ટીકા, મશ્કરી વગેરે જેવી અનૌપચારિક સ્વરૂપની શિક્ષા હોય છે, કે જેને અનૌપચારિક નિયંત્રણ કહે છે.

1. સમુદાય અને મંડળ વચ્ચેનો તફાવત જણાવો.

- ‘સમુદાય’ એ સામાજિક જીવનનાં બધાં પાસાં ધરાવતું નાનું પ્રાદેશિક જૂથ છે, જ્યારે ‘મંડળ’ એ એક કે તેથી વધુ સર્વસામાન્ય હિતો સાધવા માટે સંગઠિત થયેલું જૂથ છે.
- સમુદાય અને મંડળ વચ્ચેનો તફાવત નીચે પ્રમાણે છે :

| સમુદાય | મંડળ |
| --- | --- |
| 1. સમુદાય સમાજજીવનનાં બધાં પાસાંને આવરી લે છે. આમાં વ્યક્તિ સવાંગી જીવન જીવે છે. | 1. મંડળ એક કે તેથી વધુ મર્યાદિત હિતો સાંતીષવાનું જુથ છે. અહી વ્યકિત આંશિક જીવન જીવે છે. |
| 2. સમુદાય આયોજન સ્વરૂપે રચવામાં આવતું નથી, પણ તે આપોઆપ ઉદ્ભવે છે | 2. મંડળ કૃત્રિમ રીતે રચવામાં આવે છે. |
| 3. સમુદાયનું સભ્યપદ જન્મથી મળે છે અને એનું સભ્યપદ ફરજિયાત હોવાથી તે આથી ઈચ્છાનુસાર ‘ફરજિયાત જૂથ’ છે. | 3. મંડળનું સભ્યપદ વ્યકિત પોતાની ઈચ્છાનુસાર મેળવે છે. તે ‘મરજિયાત જુથ’ છે. |
| 4. વ્યકિતના સમુદાય સાથેના સબંધો પેઢી દર પેઢી ચાલ્યા આવતા હોય છે. | 4. વ્યકિતના મંડળ સાથેના સબંધો હિત પૂરતા સીમિત હોય છે. |
| 5. સમુદાયમાં તેના સભ્યોના વર્તન અને વ્યવહારને નિયતરિત કરતાં ધોરણો અનૈઓપચારિક હોય છે. | 5. મંડળમાં તેના સભ્યોના વર્તન અને વ્યવહાર નિયંત્રીત કરતાં ધોરણો ઓપચારિક હોય છે. |
| 6. મંડળની તુલના માં સમુદાય વધુ કાયમી જુથ છે. | 6. સમુદાઈની તુલના માં મંડળ ઓછું કાયમી જુથ છે. |